## સંક્ષિપ્ત સમાચાર

### પાદરામાં ગૌરીવ્રત નિમિત્તે હિન્દુ એકતા સંગઠન દ્વારા ૫૦ હજારથી વધુ પાણીપુરીનું નિઃશુલ્ક વિતરણ



**પાદરા :** ગૌરીવ્રતના પાવન અવસરે હિન્દુ એકતા સંગઠન, પાદરા તથા હિન્દુ શેરની ગ્રુપ, પાદરા દ્વારા ભારત માતા ચોક, અંબાજી મંદિર નજીક ગૌરીવ્રત કરતી કુંવારિકાઓ માટે નિઃશુલ્ક પાણીપુરી વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બાળાઓએ ઉત્સાહભેર ભાગ લઈ પાણીપુરીનો સ્વાદ માણ્યો હતો. હિન્દુ એકતા સંગઠન દ્વારા દર વર્ષે વિવિધ ધાર્મિક ઉત્સવો અને સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. તે જ અનુસંધાને છેલ્લા ઘણા વર્ષોથી ગૌરીવ્રત દરમિયાન ઉપવાસ પૂર્વે કુંવારિકાઓને નિઃશુલ્ક પાણીપુરીનું વિતરણ કરવામાં આવે છે. આ વર્ષે પણ રવિવારે સાંજે યોજાયેલા કાર્યક્રમમાં અંદાજે 50 હજારથી વધુ પાણીપુરીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### ડભોઈની મદની સાર્વજનિક સ્કૂલ ખાતે ડૉ.અબ્દુલ કલામને શ્રધ્ધાસુમન અર્પણ કરાયા



**ડભોઈ:** ડભોઇ શહેર ભાજપ લઘુમતી મોરચા ધ્વારા મોહદ્દિશે આઝમ મિશન સંચાલિત મદની સાર્વજનિક સ્કૂલ ખાતે ભારતરત્ન અને પૂર્વ રાષ્ટ્રપતિ ડો.એ.પી.જે.અબ્દુલ કલામ ની પુણ્યતિથિ નિમિતે શ્રધ્ધાસુમન અર્પણ કરાયા હતા. તેમજ તેઓના જીવન કવન પર આધારિત વક્તવ્ય યોજાયું હતું. ડભોઇ શહેર લઘુમતી મોરચા ધ્વારા મદની સાર્વજનિક સ્કૂલ ખાતે ભારતરત્ન ડો.અબ્દુલ કલામજી ની પુણ્યતિથિ નિમિતે શ્રધ્ધાસુમન અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કાર્યક્રમ ની શરૂઆત શાળાના બાળક ના કાંઠે કુરાન ની તિલાવત સાથે કરાઈ હતી.જે બાદ માં પુષ્પગુચ્છ થી મંચસ્થ મહેમાનો નું સ્વાગત કરાયું હતું.ભાજપ ના કોર્પોરેટર અને જાણીતા વકીલ આરીફભાઈ મકરાણી એ શાળાના ભૂલકાઓ ને અભ્યાસ માં ધ્યાન કેન્દ્રિત કરવા પર ભાર મૂક્યો હતો.તેમજ શાળા ને કઈ પણ જરૂર હોય તેઓ સેવા માટે હંમેશા તૈયાર હોવાનું જણાવ્યું હતું.જ્યારે ડભોઇ લઘુમતી મોરચાના પ્રમુખ સઈદભાઈ મનસુરી એ ડો.અબ્દુલ કલામજી ના જન્મ થી માંડી ને બાળપણ માં અતિગરીબી માં બેઠેલ સંઘર્ષ અને સફળતા થી મૃત્યુ સુધી ની જીવની પર પ્રકાશ પાડ્યો હતો.

### બોડેલી સહિત આસ પાસના વિસ્તારમાં ગૌરીવ્રત અને જયા પાર્વતી વ્રતનો શ્રદ્ધાપૂર્વક પ્રારંભ



**બોડેલી :** પવિત્ર અષાઢ સુદ -૧૩ થી પાંચ દિવસ માટે શિવ શક્તિ ની ઉપાસના ના પવિત્ર પર્વ એવા ગૌરીવ્રત અને જયાપાર્વતી વ્રતનો આજથી પ્રારંભ થયો છે. આજે વ્રતના પ્રથમ દિવસે સવારથી જ બોડેલીના રામજી મંદિર, નર્મદેશ્વર મહાદેવ મંદિર, ઢોકલીયા- ચાચકના શ્રી ચંદ્રેશ્વર મહાદેવ મંદિર, અલીપુરાના શ્રી ગોપેશ્વર મહાદેવ મંદિર સહિત વિવિધ શિવ મંદિરો તેમજ રાજુભાઈ પુરોહિત ના ઘરે પ્રતિવર્ષની જેમ કુંવારિકાઓ અને સુવાસિની મહિલાઓની વ્રતની પૂજા અર્ચના માટે ભારે ભીડ જોવા મળી હતી. ગૌરીવ્રત કરનારી નાની બાલિકાઓ દ્વારા ઉત્તમ પતિ અને પરિવારના સુખ- સમૃદ્ધિની પ્રાપ્તિ સાથે ગૌરીવ્રત કરવામાં આવે છે જ્યારે પરણિત મહિલાઓ પોતાના અખંડ સૌભાગ્ય અને પતિના દીર્ઘાયુષ્ય માટે જયા પાર્વતી નું વ્રત કરતી હોય છે. આમ, પરિવારના સુખ સમૃદ્ધિ અને ઉત્તમ પતિની કામના સાથે કુંવારીકાઓ દ્વારા ગૌરીવ્રતની તૈયારી રૂપે અગાઉથી જ પોતાના ઘરે સુંદર મઝાની નાની વાંસની ટોપલીમાં જવારા ની સ્થાપના કરી એ જવારા સાથે કુંવારિકાઓ તેમજ પતિના દીર્ઘાયુષ્ય જયાપાર્વતીનું વ્રત કરતી સુવાસિની મહિલાઓની શિવ મંદિરોમાં પૂજા અર્ચના માટે વહેલી સવારથી જ પહોંચી જતા ભારે ભીડ જામી હતી.

### ખત્રી વિદ્યાલય બોડેલીમાં મહેંદીના રંગે ઝળહળ્યો ભાઈચારો અને કોમી એકતાનો અનોખો સંદેશ



**બોડેલી :** ગૌરીવ્રતના પ્રારંભ નિમિત્તે બોડેલીની ખત્રી વિદ્યાલય અને એમ.ડી.આઈ. કેમ્પસમાં ભાઈચારા, પરસ્પર સન્માન અને કોમી એકતાનું હૃદયસ્પર્શી દ્રશ્ય જોવા મળ્યું. મુસ્લિમ વિદ્યાર્થીનીઓએ સ્વખર્ચે ગૌરીવ્રત કરતી હિન્દુ વિદ્યાર્થીનીઓના હાથમાં મહેંદી મૂકી તેમને ગૌરીવ્રતની શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે ધર્મથી ઉપર ઉઠીને માનવતા, પ્રેમ અને એકતાનો સુંદર સંદેશ વિદ્યાર્થીઓએ સમાજને આપ્યો હતો. આ અવસરે શાળાના આચાર્ય શ્રી યુ.વાય. ટપલાએ પ્રાર્થના સભામાં ગૌરીવ્રતનું મહત્વ સમજાવતાં જણાવ્યું કે ગૌરીવ્રત શ્રદ્ધા, ભક્તિ અને સંયમનું પ્રતીક છે. વ્રતના પાલનથી જીવનમાં સદાચાર, ધીરજ, આત્મનિયંત્રણ અને સંસ્કારોનો વિકાસ થાય છે. તેમણે વ્રત કરતી તમામ વિદ્યાર્થીનીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમના અંતે મહેંદી સ્પર્ધાના વિજેતાઓના નામ જાહેર કરવામાં આવ્યા અને પ્રથમ, દ્વિતીય તથા તૃતીય ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીનીઓને અભિનંદન સાથે પુરસ્કારો અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા.

### ક્વાંટના નીલકંઠેશ્વર મંદિરે પાંચ દિવસીય ગૌરી વ્રતનો પ્રારંભ, કુંવારિકાઓમાં ભક્તિનો માહોલ



**ક્વાંટ :** ક્વાંટના નીલકંઠેશ્વર મંદિરે કુંવારિકાઓના પાંચ દિવસીય ગૌરી વ્રતનો પ્રારંભ, ભક્તિ અને શ્રદ્ધાનો સંગમ કુંવારી કન્યાઓ માટે આસ્થાનો સૌથી પવિત્ર પર્વ ગણાતા ગૌરી વ્રતનો પ્રારંભ આજથી ક્વાંટ નગરના પ્રાચીન શ્રી નીલકંઠેશ્વર મહાદેવ મંદિરે થયો. સવારથી જ મંદિરમાં કુંવારિકાઓ પૂજા કરતા જોવા મળી.શાસ્ત્રો અનુસાર માતા પાર્વતીએ ભગવાન શિવને પતિ રૂપે પ્રાપ્ત કરવા માટે કઠોર તપ અને વ્રત કર્યું હતું. તેની સ્મૃતિમાં કુંવારિકાઓ 5 દિવસ સુધી શ્રદ્ધા અને નિયમ સાથે ગૌરી વ્રત કરે છે. આ 5 દિવસ દરમિયાન કન્યાઓ માતા પાર્વતીની પૂજા, જપ, આરાધના અને ઉપવાસ કરે છે. એવી માન્યતા છે કે આ વ્રતથી મનગમતા જીવનસાથી, અખંડ સૌભાગ્ય અને સુખી દાંપત્ય જીવનની પ્રાપ્તિ થાય છે. વ્રત કરવાથી જીવનમાં સુખ અને સમૃદ્ધિ પણ વધે છે તેવી શ્રદ્ધા છે.મંદિરના પૂજારી દુષ્યંત ભારદ્વાજ આજે કલશ સ્થાપના અને ગૌરી-શંકરની વિશેષ પૂજા કરાવી. કન્યાઓએ હળદર-કંકુ, બિલીપત્ર અને ફૂલોથી માતાજીનું પૂજન કર્યું. સમગ્ર મંદિર પરિસર ભજન અને મંત્રોચ્ચારથી ગુંજી ઉઠ્યું.ગૌરી વ્રતના છેલ્લા એટલે કે પાંચમા દિવસે રાત્રિ જાગરણ કરવામાં આવે છે. જાગરણની રાત્રે માતા ગૌરીના ભજન, કીર્તન, સ્તુતિ અને આરતી સાથે આખી રાત જાગરણ કરવામાં આવે છે.

#### ખોટી સાઇડમાં બાઈક હંકારી ટ્રક સાથે અથડાતા સર્જાયો અકસ્માત

## વડુ નજીક ટ્રક સાથે બાઈક અથડાતા મહિલાનું સારવાર દરમિયાન મોત

ટ્રકચાલકની ફરિયાદના આધારે પતિ સામે ગુનો દાખલ



(પ્રતિનિધિ) પાદરા, તા.27

વડુ ગામ નજીક જંબુસર-પાદરા રોડ પર રવિવારે સર્જાયેલા ગંભીર માર્ગ અકસ્માતમાં બાઈક પર પાછળ બેઠેલી મહિલાનું સારવાર દરમિયાન મોત નીપજતાં વડુ પોલીસે બાઈકચાલક પતિ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ ડભાસા ગામના રહેવાસી રાવજીભાઈ જેઠાભાઈ મકવાણા પોતાની પત્ની લક્ષ્મીબેન સાથે મોટરસાયકલ પર વડુ ખાતે આવેલા એચ.પી. પેટ્રોલ પંપ પરથી પેટ્રોલ ભરાવી જંબુસર તરફ જઈ રહ્યા હતા. બપોરે આશરે 3:30 વાગ્યે વડુ સીએચસી કટ પાસે બાઈક ગફલતભરી રીતે ચલાવી રોડની ખોટી સાઈડમાં લઈ જતાં સામેથી આવી રહેલી ટ્રક સાથે અથડાઈ હતી. અકસ્માતમાં બાઈકચાલક રાવજીભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે પાછળ બેઠેલા તેમની પત્ની લક્ષ્મીબેનના માથામાં ગંભીર ઈજાઓ થવા ઉપરાંત જમણા પગ પર ટ્રકનું આગળનું ટાયર ફરી વળતાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. સારવાર દરમિયાન સાંજે લક્ષ્મીબેનનું મોત નીપજ્યું હતું. ટ્રકચાલક અંકિત દેશરાજ યાદવની ફરિયાદના આધારે વડુ પોલીસે બાઈકચાલક રાવજીભાઈ જેઠાભાઈ મકવાણા સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

#### બોગસ જાતિના દાખલા મુદ્દે જિલ્લા કલેક્ટર દ્વારા નિર્ણય

## છોટાઉદેપુર નગર પાલિકા પ્રમુખને પદ પરથી હટાવવા કોર્ટનો આદેશ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.27

છોટાઉદેપુર પંથકમાં છેલ્લા બે માસ થી ભારે ચર્ચિત બનેલા છોટાઉદેપુર નગરપાલિકાના પ્રમુખના બોગસ જાતિના દાખલા મુદ્દે ભારે કશ્મકશ ચાલી રહી હતી. વિશ્લેષણ સમિતિ દ્વારા પાલિકા પ્રમુખનો જાતિ નો દાખલો રદ થયા છતાં તારીખો પર તારીખો આપી બચાવવાનો ખેલ પૂરો થયો હતો. છોટાઉદેપુર નગર પાલિકાના પ્રમુખના અનુસૂચિત જનજાતિના ખોટા જાતિના દાખલા વિવાદમાં ગુજરાત હાઈકોર્ટે આકરું વલણ અપનાવતા જિલ્લા કલેક્ટર સફાળા જાગ્યા હતા. અને આજ રોજ પાલિકા પ્રમુખ નો દાખલો રદ કરી તેમને સભ્યપદે થી દૂર કરવામાં આવ્યા હતા. છોટાઉદેપુર નગર પાલિકા પ્રમુખ મંજુલાબેન કિશનભાઈ કોલી એસટી અનામત બેઠક પરથી ચૂંટણી લડી હતી અને બાદમાં પ્રમુખ બન્યા હતા. પરંતુ ગત ૨૨ મે ૨૦૨૬ ના રોજ વિશ્લેષણ સમિતિ એ તેમનો જાતિનો દાખલો રદ કર્યો હતો. આ દાખલો રદ થવા છતાં સ્થાનિક તંત્ર અને કલેક્ટર દ્વારા શાસક પક્ષના નેતાને બચાવવાના પ્રયાસો થઈ રહ્યા હોવાની ચર્ચાઓ એ જોર પકડ્યું હતું.



#### હાઇકોર્ટની ફટકાર બાદ કલેક્ટરની કાર્યવાહી

કલેક્ટરના હુકમ નું વાંચન કરતા જણાઇ આવે છે કે વિશ્લેષણ સમિતિ નો સ્પષ્ટ નિર્ણય હતો,તે ઉપરાંત પ્રાંત અધિકારી છોટાઉદેપુર નો પણ સ્પષ્ટ અભિપ્રાય હોવા છતાં કલેક્ટર નગરપાલિકા અધિનિયમ ની કલમ 38 ની પેટા કલમ 2 હેઠળ ની સત્તા નો ઉપયોગ પાલિકા પ્રમુખ ને સુનાવણી ની તક આપવા કર્યો હતો. તેમાં પણ તારીખો આપવામાં આવી હતી. ખુબજ લાંબો સમય આપવા છતાં પાલિકા પ્રમુખ કોઇ જ પુરાવા રજૂ કરી શક્યા ન હતા.

#### જિલ્લા રજિસ્ટ્રારની કાર્યવાહીથી ૯ સભ્યો હટાવાયા

## કરજણના સહકારી રાજકારણમાં ભૂકંપ: ધારાસભ્ય અક્ષય પટેલની અરજીથી વહીવટદારોની હકાલપટ્ટી

(પ્રતિનિધિ) કરજણ, તા.27

કરજણ તાલુકાનું સહકારી રાજકારણ હાલ એક મોટા વમળમાં ફસાયું છે. કરજણ કોટન મંડળીના સભ્યોને દૂર કરીને વહીવટદારની નિમણૂક કરવાના જિલ્લા રજિસ્ટ્રારના આદેશથી સમગ્ર પંથકમાં ખળભળાટ મચી ગયો છે. આ નિર્ણય પાછળ ધારાસભ્ય અક્ષય પટેલની અરજી મુખ્ય કારણભૂત હોવાનું બહાર આવ્યું છે, જેણે સ્થાનિક રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા કરજણ કોટનના વહીવટદારોને સહકારી કાયદાની કલમ 81 (7) અને 81 હેઠળ દૂર કરવામાં આવ્યા છે. આ કલમો સહકારી સંસ્થાઓના સંચાલનમાં અનિયમિતતાઓ અથવા ગેરરીતિઓ જણાય ત્યારે કાર્યવાહી કરવાની સત્તા આપે છે. આ કાર્યવાહી દર્શાવે છે કે મંડળીના સંચાલનમાં ગંભીર ક્ષતિઓ જોવા મળી હતી, જેના કારણે આ કડક પગલું ભરવાની ફરજ પડી છે.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા 27 જુલાઈ, 2026 થી પી.પી. પરમારની વહીવટદાર તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ નિમણૂક મંડળીના વહીવટને સુચારુ બનાવવા અને સભ્યોના હિતોનું રક્ષણ કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવી છે. એક વહીવટદારની નિમણૂક થતાં, મંડળીનો સંપૂર્ણ વહીવટ હવે તેમના હસ્તક રહેશે, અને તેઓ મંડળીના કાર્યોને કાયદાકીય માળખામાં રહીને આગળ ધપાવશે.

આ ઘટનાક્રમમાં સૌથી મોટો રાજકીય ભૂકંપ ત્યારે આવ્યો જ્યારે માજી ધારાસભ્ય સતીશ પટેલ સહિત કુલ 9 સભ્યોને દૂર કરવામાં આવ્યા. સતીશ પટેલ જેવા કદાવર નેતાનું સહકારી મંડળીમાંથી પદભ્રષ્ટ થવું એ કરજણના રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુખ્ય વિષય બન્યો છે. આ નિર્ણયથી તેમના સમર્થકોમાં નિરાશા અને વિરોધીઓમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. આ સમગ્ર ઘટના ધારાસભ્ય અક્ષય પટેલ અને માજી ધારાસભ્ય સતીશ પટેલ વચ્ચેના રાજકીય સંઘર્ષની પૃષ્ઠભૂમિમાં જોવાઈ રહી છે.

## ગૌમાતાને ‘રાષ્ટ્રમાતા’ જાહેર કરવાની માંગ સાથે છોટાઉદેપુરમાં રેલી

**રણછોડરાય** મંદિરથી સેવા સદન સુધી ગૌભક્તોની ભવ્ય રેલી



(પ્રતિનિધિ) છોટાઉદેપુર , તા. 27

સમગ્ર ભારતમાં ગૌમાતાને પવિત્ર અને પૂજનીય સ્થાન આપવા તેમજ તેમને ‘રાષ્ટ્રમાતા’ તરીકે સર્વોચ્ચ સન્માન આપવાની માંગ સાથે દેશભરમાં આંદોલનો અને ઝુંબેશ ચાલી રહી છે. જેના ભાગરૂપે આજરોજ છોટાઉદેપુર નગરમાં ‘ગૌસન્માન આવાહન અભિયાન’ અંતર્ગત વિશાળ સંખ્યામાં ગૌભક્તો ઉમટી પડ્યા હતા. ગૌમાતાને રાષ્ટ્રમાતા જાહેર કરવાની અને દેશમાં ગૌહત્યા સંપૂર્ણપણે બંધ કરવાની મજબૂત માંગ સાથે ગૌભક્તો દ્વારા જિલ્લા કલેક્ટરને એક સ્મરણ પત્ર પાઠવવામાં આવ્યું હતું.

આ આયોજનની શરૂઆત છોટાઉદેપુર નગરના શ્રી રણછોડરાય મંદિરથી કરવામાં આવી હતી. મંદિરમાં સર્વપ્રથમ ગૌમાતાની શાસ્ત્રોક્ત વિધિથી પૂજા અને આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ ઢોલ-નગારાના નાદ અને પ્રભુ શ્રી રામના નામની રામધુન સાથે એક ભવ્ય રેલી સ્વરૂપે ગૌભક્તો આગળ વધ્યા હતા. આ રેલી નગરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈને જિલ્લા સેવા સદન ખાતે પહોંચી હતી, જ્યાં વાતાવરણ ગૌમાતાના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું. આ અભિયાન અંતર્ગત દેશભરમાંથી અભૂતપૂર્વ જનસમર્થન સાંપડ્યું છે.

### તાજપુરા નર્મદા કેનાલ પાસે ઝેરી દવા પીધા બાદ યુવતીનું સારવાર દરમિયાન મોત

પાદરાઃ પાદરા તાલુકાના તાજપુરા નર્મદા કેનાલ નજીક ઝેરી દવા પી લેતાં એક પરિણીત યુવતીનું સારવાર દરમિયાન મોત નીપજતાં પાદરા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, ભરૂચ જિલ્લાના રાજપારડી ગામની રહેવાસી સેજલબેન કિરણભાઈ વાઘરી (ઉ.વ. 24) ગત રોજ ઘરેથી નીકળી ગયા હતા. તેઓ પાદરા તાલુકાના તાજપુરા નર્મદા કેનાલ પાસે પહોંચ્યા બાદ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી ગયા હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. ગંભીર હાલતમાં તેમને સારવાર માટે વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

## શિનોરના બુશા ફળિયામાં ૫ ફૂટના અજગરનું સફળ રેસ્ક્યુ

**હનુમાનજી** મંદિર નજીક દેખાતા અજગરને વાઇલ્ડ લાઇફ ટ્રસ્ટે સુરક્ષિત રીતે જંગલમાં છોડ્યો



(પ્રતિનિધિ) શિનોર, તા. 27

વડોદરા જિલ્લાના શિનોરના બુશા ફળિયા વિસ્તારમાં આવેલા હનુમાનજી મંદિર નજીક 5 ફૂટ લાંબો અજગર દેખાતા સ્થાનિકોમાં ચિંતાનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ માલસર ભરત મોરેની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ભારે જહેમત બાદ અજગરનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરી તેને શિનોર વન વિભાગના માર્ગદર્શન હેઠળ સુરક્ષિત રીતે જંગલમાં મુક્ત કરવામાં આવ્યો.

શિનોરના બુશા ફળિયા વિસ્તારમાં આવેલા હનુમાનજી મંદિર નજીક અચાનક અંદાજે 5 ફૂટ લાંબો અજગર દેખાતા સ્થાનિક લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ માલસર ભરત મોરેની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી અને રેસ્ક્યુ કામગીરી શરૂ કરી હતી. મધરાતે અંદાજે 1 વાગ્યા 20 મિનિટે ભારે જહેમત બાદ અજગરને સુરક્ષિત રીતે પકડી તેનું સફળ રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું.

### સાયબર ફ્રોડ નોગુનાનો ભેદ ઉકેલી રાજસ્થાનની આરોપી ને ઝડપતી ડભોઈ પોલીસ



વડોદરા જિલ્લા પોલીસ વડા સુશિલ અગ્રવાલ દ્વારા ઓપરેશન પરાક્રમ હેઠળ સાયબર ફ્રોડ કરનાર આરોપી ઓને ઝડપી પાડવા ઝુંબેશ ચલાવી અનડીટેક ગુના ડીટેક્ટ કરવા ઝુંબેશ ચલાવવા આરોપી ઓને પકડવા સુચના આપી જેને પગલે ડભોઈ પોલીસ દ્વારા ૨-૬-૨૦૨૬ ના રોજ સાયબર ફ્રોડ નો ગુનો ધીરજ કુમાર જગદીશજી પ્રસાદ રાજસ્થાન ના સિકર જિલ્લા માંથી એ.ટી. પટેલ પી.આઇ દ્વારા ટીમ બનાવી આરોપી ને સિકર થી પકડી લાવી ગુના નો ભેદ ઉકલાયો છે આ ગુના ના ઉકેલ માટે પી.આઇ સાથે ડભોઈ પોલીસ ના જવાનો એ સક્રિય ભૂમિકા ભજવી હતી.

#### રૂ. ૨.૭૦ લાખના ખર્ચ સામે કામ ન થયાનો કોગ્રેસનો દાવો

## ડભોઈ નગરપાલિકામાં શૌચાલય રિપેરિંગના બિલમાં ગેરરીતિનો કોંગ્રેસનો આક્ષેપ




(પ્રતિનિધિ) ડભોઈ, તા.27

ડભોઈ નગરપાલિકા ના ડ્રેનેજ ના કોન્ટ્રાક્ટર દ્વારા ગત બોર્ડ મા સૌચાલય ના રીપેરીંગ ના બહાને સતા સાથે કોન્ટ્રાક્ટર એ ઉધાડી લૂંટ કરી છે જેનો પર્દાફાશ કોગ્રેસ ના બોર્ડ દ્વારા કરવામાં આવેલ છે.

બનાવ ની વિગતો પ્રમાણે ડભોઈ નગરપાલિકા ના ગત બોર્ડ મા ડભોઈ ના રાધે કોમ્પલેક્ષ સામે આવેલ શોચાલય મા નવીની કરણ ના નામે ૬૩૧૭૭ /- નુ બિલ બનેલ છે જેમા કોઈ પણ જાત નુ રીપેરીંગ કરવામાં આવેલ નહોવા નુ જણાઈ આવે છે સાથે આ બિલ મા ૧૦૦૦ લીટર ની પાણી ની ટાંકી નવી નાંખી છે એમ દર્શાવેલ છે જે સ્થળ પર દેખાતી નથી એ સાથે શિનોર ચોકડી પાસે આવેલ શોચાલય આવેલ છે ને બહાર થી પ્રથમ નજરે નવીનીકરણ ન કરી હોવાનુ જણાઈ આવે છે આ શોચાલય મા અંગ્રેજી ટબ નાંખવા ના બિલ મુકવામાં આવેલ છે જેમાં ખરેખર કોઈ મરામત ના કરવામાં આવી ના હતી તેમ છતાંય ૨૦૩૭૫૯ /- નો ખર્ચ બતાવવામાં આવેલ છે એ સાથે ટાવર પાસે આવેલ શૌચાલય મા નવીનીકરણ ના નામે ૧૨૨૬૫ /- નુ બિલ મુકવામાં આવેલ છે ટાવર પાસે આવેલ શૌચાલય મા દરવાજો નથી કંતાન નો પડદો બાંધી એનો વપરાશ થાય છે આ ૨,૭૦, ૯૦૭ /- નુ બિલ પાસ થયું છે અને પેમેન્ટ કરી દેવામાં આવેલ છે જે બિલ ને મંજૂરી માટે ૩૦/૭/૨૦૨૬ ની સામાન્ય સભામાં આવશે ત્યારે સતા અને વિપક્ષ વચ્ચે ચકમક ઝરશે અને બિલ સંભવતઃ ના મંજૂર થાય તો બિલ પર સહી કરનારા ઓ સામે કાર્યવાહી પણ થઈ શકે છે ડભોઈ નગરપાલિકા ની ગત બોર્ડ ની ઉધાડી લુંટ ચર્ચા ના એરણે છે નગરપાલિકા પટાંગણમાં આવનાર સમય મા બીજા પણ કૌભાંડ નિકળશે ની ચર્ચા એ ચકચાર જગાવી છે !!

## ચૈતર વસાવાના સમર્થનમાં મોટી સખ્યામાં જનમેદની ઉમટી

**જિલ્લાના** ૧ લાખથી વધુ સહીઓ સાથે કલેક્ટરને આવેદનપત્ર પાઠવાયું



(પ્રતિનિધિ) છોટાઉદેપુર , તા.27

આમ આદમી પાર્ટી (AAP) ના લોકપ્રિય નેતા અને ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા સામે થયેલા કેસ અને સજાના વિરોધમાં છોટાઉદેપુર ના ફતેપુરા બસ સ્ટેન્ડ પાછળના મેદાન ખાતે એક વિશાળ જનસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાજપ સરકારની નીતિઓ સામે આક્રોશ વ્યક્ત કરવા અને ચૈતર વસાવાને સમર્થન આપવા માટે સમગ્ર જિલ્લામાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. ચૈતર વસાવા ના સમર્થનમાં છોટાઉદેપુર જિલ્લાના ૧ લાખથી વધુ નાગરિકોની સહીઓ સાથેનું આવેદનપત્ર અધિક જિલ્લા કલેક્ટરને સુપરત કરવામાં આવ્યું હતું. આ મહાસભામાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયુક્ત સચિવ ગોપાલ ઈટાલિયા, યુવા નેતા યુવરાજસિંહ જાડેજા, નિરંજન વસાવા તેમજ છોટાઉદેપુર જિલ્લા પ્રમુખ રાધિકાબેન રાઠવા અને વિધાનસભા પ્રભારી વિનુભાઈ રાઠવા સહિતના ટોચના નેતાઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.મંચ પરથી જનમેદનીને સંબોધતા ગોપાલ ઈટાલિયાએ ભાજપ સરકાર પર સરમુખત્યારશાહીના આકરા આક્ષેપો કર્યા હતા.

## સેગવામાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીની તૈયારીઓ પુરજોશમાં શરૂ

૯ ઓગસ્ટે ભવ્ય બાઈક-વાહન રેલી સહિતના કાર્યક્રમોની રૂપરેખા નક્કી



(પ્રતિનિધિ) શિનોર, તા. 27

બેઠકમાં સમાજના આગેવાનો અને યુવાનો મોટી સંખ્યામાં હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવવા માટે વિસ્તૃત ચર્ચા કરી હતી. બેઠકમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમોની રૂપરેખા નક્કી કરવામાં આવી હતી. આપ્રસંગેરાજેશવસાવા.અલ્પેશ વસાવાની આગેવાનીમાં ભવ્ય બાઈક અને વાહન રેલી યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

આ રેલી સેગવા ગામેથી પ્રસ્થાન કરી માલપુર, અવાખલ, સાધલી, મીંઢોળ, સુરાશામળ, શિનોર, મોટા ફોફળીયા અને સિમળી સહિતના ગામોમાંથી પસાર થઈ ફરી સેગવા ગામે પરત ફરશે. રેલી દરમિયાન આદિવાસી સમાજની એકતા, સંસ્કૃતિ અને ગૌરવનો સંદેશ આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, સેગવા ગામે સતત બીજા વર્ષે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર શિનોર તાલુકાના આદિવાસી સમાજમાં આ કાર્યક્રમને લઈને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે અને મોટી સંખ્યામાં સમાજજનોને જોડાવા આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

## આંબાડુંગર-હાફેશ્વરમાં ‘સંકલ્પ વિદ્યોદય’ સ્માર્ટ કન્ટેનર શાળાનું લોકાર્પણ

**રાજ્યમંત્રી** રિવાબા જાડેજાએ બાળકોને નવી સ્માર્ટ શાળામાં કરાવ્યો પ્રવેશ



(પ્રતિનિધિ) બોડેલી, તા. 27

છોટાઉદેપુર જિલ્લાના અંતરિયાળ અને દુર્ગમ ગણાતા કવાંટ તાલુકામાં શિક્ષણ ક્ષેત્રે મહત્વપૂર્ણ પહેલરૂપે આંબાડુંગર ગામની માણુંકલા ફળિયા પ્રાથમિક શાળા અને હાફેશ્વર ગામની આમલાપાણી પ્રાથમિક શાળાને આધુનિક સુવિધાઓથી સજ્જ ‘સંકલ્પ વિદ્યોદય’ સ્માર્ટ કન્ટેનર શાળાની ભેટ મળી છે. પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ રાજ્યકક્ષાના મંત્રી રિવાબા જાડેજાના હસ્તે બંને શાળાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું. લોકાર્પણ પ્રસંગે રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ જણાવ્યું કે રાજ્ય સરકાર દરેક બાળક સુધી ગુણવત્તાસભર અને ટેકનોલોજી આધારિત શિક્ષણ પહોંચાડવા પ્રતિબદ્ધ છે. ભૌગોલિક મુશ્કેલીઓના કારણે કોઈ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. તેમણે જણાવ્યું કે સ્માર્ટ કન્ટેનર શાળાઓ અંતરિયાળ વિસ્તારોમાં શિક્ષણનો નવો ઉજાસ ફેલાવશે. કાર્યક્રમ દરમિયાન મંત્રીશ્રીએ કામચલાઉ ઓરડામાં અભ્યાસ કરતા નાનાં બાળકોના હાથ પકડીને તેમને નવી સ્માર્ટ કન્ટેનર શાળામાં પ્રવેશ કરાવ્યો હતો.